©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] THURSDAY, OCTOBER 16, 2025 / ASVINA 24, 1947 [No. 42

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૨૫

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનું તારીખઃ ૯મી જુલાઈ, ૨૦૨૫-નું જાહેરનામું ક્રમાંકઃ કેવી-૨૦૨૫નો ૨૪૩ યુડીયુએચડી/એમએસએમ/ઇ-ફાઇલ/૧૮/૨૦૨૫/૦૪૧૮/પી સેક્શન -નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Gujarat Provincial Municipal Corporations Act, 1949

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી જુલાઈ, ૨૦૨૫

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંકઃ કેવી-૨૦૨૫નો ૨૪૩ યુડીયુએચડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૫/૦૪૧૮/પી સેક્શન :- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ન-ના ખંડ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૧લી જાન્યુઆરી, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીવી-૨૦૨૫નો ૧૦-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૬૧૪૧/પી સેક્શન (જેનો આમાં હવે પછી, 'સદરહુ જાહેરનામા-૧' તરીકે ઉલ્લેખ કર્યો છે તેના)થી, વાપી નગરપાલિકાના વિસ્તારને તેમજ સદરહુ જાહેરનામા-૧ની અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા મુજબની તેને લગોલગ આવેલી ગ્રામ પંચાયતોના વિસ્તારને, વાપી શહેરના મોટા શહેરી વિસ્તાર તરીકે નિર્દિષ્ટ કર્યા છે;

અને, ગુજરાત સરકારે, ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ ના મુંબઈના ૫૯મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૫ની પેટા-કલમ (૧) સાથે વાંચતા, અનુચ્છેદ ૨૪૩ન-થી મળેલી સત્તાની રૂએ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૧લી જાન્યુઆરી, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા ક્રમાંક: કેવી-૨૦૨૫નો ૧૧-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૬૧૪૧/પી સેક્શન (જેનો આમાં હવે પછી, 'સદરહુ જાહેરનામા-૨' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) હેઠળ, તારીખ: ૧લી જાન્યુઆરી, ૨૦૨૫-ના રોજ અને તે તારીખથી વાપી શહેરના મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના કરી છે;

અને ગુજરાત સરકારે, સદરહુ અધિનિયમની કલમ ૧ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, સદરહુ જાહેરનામા-૨ હેઠળ, સદરહુ અધિનિયમની બાકીની જોગવાઈઓ, વાપી શહેરમાં જે તારીખે અને જે તારીખથી અમલમાં આવશે તે તારીખ તરીકે તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૨૫ નિર્દિષ્ટ કરી છે;

અને ગુજરાત સરકારે, સદરહુ અધિનિયમની કલમ ૪૯૩ હેઠળ, પરિશિષ્ટ ૪ના ભાગ ૪માં પરિચ્છેદ ૨૨ અને ૨૨-ખ-થી મળેલી સત્તાની રૂએ, સદરહુ જાહેરનામા-૨ હેઠળ,તારીખ: ૧લી જાન્યુઆરી, ૨૦૨૫-થી શરૂ થતી એક વર્ષની મુદત માટે અથવા સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશનની પ્રથમ ચૂંટણીમાં કાઉન્સિલરોને ચૂંટવામાં આવે ત્યાં સુધી, બેમાંથી જે વહેલું હોય તે મુદત માટે, સદરહુ કોર્પોરેશનના વહીવટદારની નિમણૂક કરી હતી;

અને વસતી ગણતરી-૨૦૧૧ના આધારે જાહેર કર્યા પ્રમાણેના વસતીના આંકડા અનુસાર તેમજ સદરહુ અધિનિયમની કલમ ૫-ની જોગવાઈઓને પણ ધ્યાનમાં રાખીને, વોર્ડ અને કાઉન્સિલરની બેઠકોની સંખ્યા અને અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખવાની બેઠકોની સંખ્યા સુનિશ્ચિત કરવી જરૂરી છે;

અને વાપી શહેરના મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય ચૂંટણી યોજાવાની છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૫-ની પેટા-કલમો (૪), (૫), (૬) અને (૭) સાથે વાંચતા, કલમ ૫ ની પેટા-કલમ (૩) ના ખંડ (૩) ના પેટા-ખંડ (ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, વાપી શહેરને લાગેવળગે છે ત્યાં સુધી, વોર્ડ અને બેઠકોની સંખ્યા નીચે પ્રમાણે નક્કી કરે છે:-

૧) વાપી શહેરના વિસ્તારો, તેર (૧૩) વોર્ડોમાં વિભાજિત થશે અને વાપી શહેરનું મ્યુનિસિપલ કોર્પોરેશન બાવન (૫૨) કાઉન્સિલરનું બનશે;

૨) (કાઉન્સિલરની) બાવન (૫૨) બેઠકોમાંથી-

(૧) એક (૧) બેઠક, અનુસૂચિત જાતિઓની વ્યક્તિઓ માટે અનામત રહેશે;

(૨) છ (૬) બેઠકો, અનુસૂચિત આદિજાતિઓની વ્યક્તિઓ માટે અનામત રહેશે જેમાંથી ત્રણ (૩) બેઠકો અનુસૂચિત આદિજાતિઓની સ્ત્રીઓ માટે અનામત રહેશે;

(૩) ચૌદ (૧૪) બેઠકો, પછાત વર્ગોની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી સાત (૭) બેઠકો પછાત વર્ગોની સ્ત્રીઓ માટે અનામત રહેશે;

(૪) છવીસ (૨૬) બેઠકો, સ્ત્રીઓ (ઉપર ઉલ્લેખ્યા પ્રમાણે અનુસૂચિત આદિજાતિઓ અને પછાત વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત રાખેલી બેઠકોની સંખ્યા સહિત) માટે અનામત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કોમલ ભટ્ટ,

સરકારના સંયુક્ત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના માહિતી અને પ્રસારણ વિભાગના તારીખઃ ૧૨-મી ઓગસ્ટ, ૨૦૨૫-ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીટી-૧૫-આઈબીડી/એમપીટી/ઈ-ફાઈલ/૧૦/૨૦૨૫/૦૨૧૮/બી-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Assistant Director of Information (Journalism), Class II, in the General State Service under the Directorate of Information, Gujarat State, Recruitment Rules, 2025

માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ માહિતી નિયામક (પત્રકારત્વ), વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૨૫ સંબંધી

જાહેરનામું

માહિતી અને પ્રસારણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ઓગસ્ટ, ૨૦૨૫

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીટી-૧૫-આઈબીડી/એમપીટી/ઈ-ફાઈલ/૧૦/૨૦૨૫/૦૨૧૮/બી:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ માહિતી નિયામક (પત્રકારત્વ), વર્ગ ૨-ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. આ નિયમો માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ માહિતી નિયામક (પત્રકારત્વ), વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૨૫ કહેવાશે.

૨. માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળની સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ માહિતી નિયામક (પત્રકારત્વ), વર્ગ ૨-ની જગા પરની નિમણૂક, જેણે-

(ક) (૧) માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, સિનિયર સબ-એડિટર (સિનિયર ઉપ-સંપાદક), વર્ગ ૩ ના સંવર્ગમાં ઓછામાં ઓછા સાત વર્ષ સુધી કામ કર્યુ હોય;

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપરનો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલભ્ય નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે; તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અને

સ્પષ્ટીકરણ.- બઢતીથી નિમણૂક કરવાના હેતુ માટે, માહિતી નિયામકની કચેરીની તાબાની સેવા એટલે અને તેમાં માહિતી કમિશનરની કચેરીની તાબાની સેવાનો સમાવેશ થશે.

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરી હોય;

તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર, ''સારા''નો આધારચિહ્ન (બેન્ચમાર્ક) ધરાવતી હોય તેવી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે; અથવા

(ખ) આ હેતુ માટે યોજાયેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામને આધારે કરવી જોઈશે.

૩. બઢતીથી અને આ હેતુ માટે યોજાયેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામને આધારે કરવાની નિમણૂક અનુક્રમે ૧:૧ પ્રમાણમાં કરવી જોઈશે.

૪. આ હેતુ માટે યોજાયેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામને આધારે નિયમ-૨-માં જણાવેલી જગા પર કરવાની નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૭ વર્ષથી વધુ ઉમરનો હોવો જોઈશે નહિ:

(ખ) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થાપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ જાહેર થયા મુજબ યુનિવર્સિટી હોવાનું ગણાતી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી પત્રકારત્વ અને જનસંચાર (Journalism and Mass Communication)/જનસંચાર અને પત્રકારત્વ (Mass Communication and Journalism)/વિકાસ સંચાર (Development Communication)/સંચાર અભ્યાસ (Communication Studies)/પત્રકારત્વ (Journalism)/જનસંચાર (Mass Communication)માં અનુસ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે અથવા સરકારે તે તરીકે માન્ય કરેલી તેને સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈશે;

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૫. આ હેતુ માટે યોજાયેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામને આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું પડશે.

૬. આ હેતુ માટે યોજાયેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામને આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી (પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા) નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર, પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. આ હેતુ માટે યોજાયેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામને આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર, કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. આ હેતુ માટે યોજાયેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામને આધારે અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. આ હેતુ માટે યોજાયેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામને આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૧૦. આ હેતુ માટે યોજાયેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામને આધારે નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દીપ પટેલ,

સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખઃ ૨૯મી મે, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીજી/૮૫/૨૦૨૫/એસબી.૫/બીએનએસ/૧૦૨૦૨૪/જીઓઆઈ-૧૫.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

The Gujarat Submission of Report in Exceptional Cases (BNSS) Section 176(2)) Rules, 2025

ગુજરાત અપવાદરૂપ કેસોમાં અહેવાલ રજૂ કરવા બાબત (બીએનએસએસ કલમ ૧૭૬(૨)) નિયમો, ૨૦૨૫ સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી મે, ૨૦૨૫

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩.

ક્રમાંક. જીજી/૮૫/૨૦૨૫/એસબી.૫/બીએનએસ/૧૦૨૦૨૪/જીઓઆઈ-૧૫:- ગુજરાત રાજ્યને લાગુ પડતી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩ના ૪૬મા)ની કલમ ૧૭૬ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:-

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.-

(૧) આ નિયમો ગુજરાત અપવાદરૂપ કેસોમાં અહેવાલ રજૂ કરવા બાબત (બીએનએસએસ કલમ ૧૭૬(૨)) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડશે.

(૩) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. વ્યાખ્યા.-

(૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો -

(ક) ''દૈનિક ડાયરી'' એટલે સંહિતાની કલમ ૧૯૨-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે પોલીસ અધિકારી દ્વારા નિભાવાતું રેકર્ડ;

(ખ) ''માહિતી આપનાર" એટલે ફરિયાદી અથવા ભોગ બનનાર સહિત જેણે પોલીસને ગુનાની જાણ કરી હોય તે વ્યક્તિ;

(ગ) "પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ (હવાલો ધરાવતા) અધિકારી" એટલે સંહિતાની કલમ ૨(૧)(૫)માં વ્યાખ્યા કર્યા મુજબના પોલીસ અધિકારી;

(ઘ) "સંહિતા" એટલે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ (સન ૨૦૨૩નો ૪૬મો).

(૨) આ નિયમોમાં વાપરેલા અને વ્યાખ્યાયિત ન કરેલા પણ સંહિતામાં વ્યાખ્યાયિત કરેલા અન્ય તમામ શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, સંહિતામાં અનુક્રમે તેમનો જે અર્થ કરેલો હોય તે જ અર્થ થશે.

૩. પોલીસ તપાસ શરૂ નહિ કરવા બદલ અહેવાલ.-

(૧) પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારીને જણાય કે કલમ ૧૭૬ની પેટા-કલમ (૧)ના પરંતુકના ખંડ (ક)માં જોગવાઈ કર્યા પ્રમાણે કેસ ગંભીર પ્રકારનો નથી, ત્યારે તેણે સ્થળ ઉપર પોલીસ તપાસ કરવા માટે જાતે જવાની અથવા પોતાના તાબાના અધિકારીને ત્યાં મોકલવાની જરૂર નથી અને આવા કેસોમાં તેણે, ખાસ કારણોની લેખિતમાં રજિસ્ટરમાં નમૂના ૧માં નિર્દિષ્ટ કરેલા ફોર્મેટમાં, નોંધ કરવી જોઈશે.

(૨) કલમ ૧૭૬ની પેટા-કલમ (૧)ના પરંતુકના ખંડ (ખ) હેઠળ પોલીસ તપાસ શરૂ કરવા માટેનું પૂરતું કારણ ન હોય તેવા કેસોમાં, પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારીએ, પોલીસ સ્ટેશનમાં, નમૂના ૨-માં નિર્દિષ્ટ કરેલા ફોર્મેટમાં રજિસ્ટર નિભાવવું જોઈશે.

૪. પંદર દિવસનો દૈનિક ડાયરી અહેવાલ.-

(૧) પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારીએ, કલમ ૧૭૬ (૨) હેઠળ નોંધાયેલા તમામ કેસોને આવરી લેતો, પંદર દિવસનો દૈનિક ડાયરી અહેવાલ સંબંધિત મેજિસ્ટ્રેટને રજૂ કરવો જોઈશે.

(૨) આવો અહેવાલ, નમૂના ૩માં નિર્દિષ્ટ કરેલા ફોર્મેટમાં તૈયાર કરવો જોઈશે.

(૩) અહેવાલમાં, નીચેની વિગતોનો સમાવેશ કરવો જોઈશે.-

(ક) પંદર દિવસ દરમિયાન નોંધાયેલા કેસોની સંખ્યા;

(ખ) જેમાં પોલીસ તપાસ શરૂ કરવામાં આવી ન હોય તેવા કેસોની કારણો સહિત વિગતો;

(ગ) માહિતી આપનારને, સંદેશાવ્યવહારના જે માધ્યમથી જાણ કરવામાં આવી હોય તે (માધ્યમ)ની વિગતો વગેરે.

(૪) પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારી, કલમ ૧૭૬ની પેટા-કલમ (૧)ના પરંતુકના ખંડ (ખ) હેઠળ પોલીસ તપાસ શરૂ ન કરવાનું નક્કી કરે, તો તેણે, આવો નિર્ણય કરવાના ચોક્કસ કારણોની લેખિતમાં નોંધ કરવી જોઈશે અને નમૂના ૪માં નિર્દિષ્ટ કરેલા ફોર્મેટમાં, પંદર દિવસનો દૈનિક ડાયરી અહેવાલ સંબંધિત મેજિસ્ટ્રેટને રજૂ કરવો જોઈશે.

૫. માહિતી આપનારને જાણ કરવા બાબત.-

(૧) પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારી, કલમ ૧૭૬ની પેટા-કલમ (૧)ના પરંતુકના ખંડ (ખ) હેઠળ પોલીસ તપાસ શરૂ ન કરવાનું નક્કી કરે, તો તેણે, નમૂના ૫-માં નિર્દિષ્ટ કરેલા ફોર્મેટમાં, જાહેરનામાથી, માહિતી આપનારને તેના નિર્ણયની જાણ કરવી જોઈશે.

(૨) જાહેરનામું નીચે પૈકીની કોઈ એક પદ્ધતિ મારફત બહાર પાડવું જોઈશે,-

(ક) ઈલેક્ટ્રોનિક માધ્યમો: સંપર્કની વિગતો ઉપલભ્ય હોય, તો ઈ-મેઈલ, વોટ્સએપ, એસએમએસ અથવા બીજા કોઈ ઈલેક્ટ્રોનિક માધ્યમો;

(ખ) લેખિત માધ્યમો: ઈલેક્ટ્રોનિક સંપર્ક ઉપલભ્ય ન હોય, તો રજિસ્ટર્ડ ટપાલ અથવા હાથોહાથ સોંપણી;

(ગ) રૂબરૂમાં: માહિતી આપનાર પોલીસ સ્ટેશનની મુલાકાત લે, તો લેખિત જાહેરનામું.

(૩) જાહેરનામામાં નીચેની વિગતોનો સમાવેશ કરવો જોઈશે.-

(ક) પોલીસ તપાસ શરૂ નહિ કરવા માટેનું સંક્ષિપ્ત કારણ;

(ખ) મેજિસ્ટ્રેટનો સંપર્ક કરવાના સહિતના માહિતી આપનારના હકો;

(ગ) પોલીસ સ્ટેશનના સંપર્કની વિગતો.

નમૂનો ૧

(જુઓ નિયમ ૩ (૧))

બીએનએસએસની કલમ ૧૭૬(૧) (ક) હેઠળ પોલીસ તપાસ કરવા માટે પોલીસ અધિકારના ગુનાના સ્થળની મુલાકાત લેવામાં આવી ન હોય, ત્યારે નિભાવવાનું રજિસ્ટર

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
અનુ-ક્રમાંક	ફરિયાદીના નામ, સરનામા (મોબાઈલ નંબર સહિત)ની વિગતો	ગુનાની તારીખ, સમય અને સ્થળ	પોલીસ સ્ટેશનમાં માહિતી આપ્યાની તારીખ અને સમય	એફઆઈઆરનો નંબર અને તારીખ	ગુનાની સંક્ષિપ્ત વિગતો (કલમ સહિત)	આરોપીનું પૂરું નામ, સરનામું, ઉમર (મોબાઈલ નંબર સહિત)	(ગુનાના) સ્થળની મુલાકાત નહિ લેવાના કારણો	એનેક્ષર-૩ પ્રમાણે કોર્ટને જાણ કર્યાની તારીખ (જાવક ક્રમાંક સહિત)
૧								
૨								
૩								
૪								

નમૂનો ૨

(જુઓ નિયમ ૩ (૨))

બીએનએસએસની કલમ-૧૭૬(૧)(ખ) હેઠળ પોલીસ તપાસ શરૂ કરવા માટે પૂરતું કારણ ન હોય, ત્યારે નિભાવવાનું રજિસ્ટર

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
અનુ-ક્રમાંક	ફરિયાદીના નામ, સરનામા (મોબાઈલ નંબર સહિત)ની વિગતો	ગુનાની તારીખ, સમય અને સ્થળ	પોલીસ સ્ટેશનમાં માહિતી આપ્યાની તારીખ અને સમય	એફઆઈઆરનો નંબર અને તારીખ	ગુનાની સંક્ષિપ્ત વિગતો (કલમ સહિત)	આરોપીનું પૂરું નામ, સરનામું, ઉમર (મોબાઈલ નંબર સહિત)	પોલીસ તપાસ નહિ કરવા માટેનું કારણ	પોલીસ તપાસ કરવામાં નહિ આવે તેવી જાણ ફરિયાદીને કર્યાની તારીખ અને સમય	સંદેશાવ્યવહારના જે માધ્યમથી ફરિયાદીને જાણ કરવામાં આવી હોય, તે માધ્યમની વિગતો	એનેક્ષર-૪ પ્રમાણે કોર્ટને જાણ કર્યાની તારીખ (જાવક ક્રમાંક સહિત)
૧										
૨										
૩										
૪										
૫										

નમૂનો ૩

(જુઓ નિયમ ૪(૨))

બીએનએસએસની કલમ ૧૭૬(૧)(ક) હેઠળ પોલીસ તપાસ કરવા માટે પોલીસ અધિકારના ગુનાના સ્થળની મુલાકાત લેવામાં આવી ન હોય, ત્યારે બીએનએસએસની કલમ ૧૭૬(૨) હેઠળ મેજિસ્ટ્રેટને દર પંદર દિવસે મોકલવાનો અહેવાલ

પોલીસ સ્ટેશન: -

પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ (અધિકારી)નું નામ: -

માહિતીનો સમયગાળો:- તારીખ-..... થી તારીખ ..... સુધીની દર પંદર દિવસની માહિતી.

તારીખ: -

૧	૨	૩	૪	૫	૬	૭	૮
અનુક્રમાંક	ફરિયાદીના નામ, સરનામા (મોબાઈલ નંબર સહિત)ની વિગતો	ગુનાની તારીખ, સમય અને સ્થળ	પોલીસ સ્ટેશનમાં માહિતી આપ્યાની તારીખ અને સમય	એફઆઇઆરનો નંબર અને તારીખ	ગુનાની સંક્ષિપ્ત વિગતો (કલમ સહિત)	આરોપીનું પૂરું નામ, સરનામું, ઉમર (મોબાઈલ નંબર સહિત)	(ગુનાના) સ્થળની મુલાકાત નહિ લેવાના કારણો
૧							
૨							

નોંધ:- ઉપરની માહિતી ઉપરાંત, બીએનએસએસની કલમ ૧૭૬(૨) પ્રમાણે, સંબંધિત કેસ માટે સ્ટેશન ડાયરી (દૈનિક ડાયરી અહેવાલ)ની એક નકલ અચૂક મોકલવી.

પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ (અધિકારી)ના

સહી સિક્કો

નમૂનો ૪

(જુઓ નિયમ ૪(૪))

બીએનએસએસની કલમ-૧૭૬(૧)(ખ) હેઠળ પોલીસ તપાસ શરૂ કરવા માટે પૂરતું કારણ ન હોય, ત્યારે, તેવા કેસમાં બીએનએસએસની કલમ ૧૭૬(૨) હેઠળ મેજિસ્ટ્રેટને દર પંદર દિવસે મોકલવાનો અહેવાલ

પોલીસ સ્ટેશન: -

પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ (અધિકારી)નું નામ: -

માહિતીનો સમયગાળો:- તારીખ-..... થી તારીખ ..... સુધીની પંદર દિવસની માહિતી.

તારીખ: -

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
અનુ-ક્રમાંક	ફરિયાદીના નામ, સરનામા (મોબાઈલ નંબર સહિત)ની વિગતો	ગુનાની તારીખ, સમય અને સ્થળ	પોલીસ સ્ટેશનમાં માહિતી આપ્યાની તારીખ અને સમય	એફઆઇઆરનો નંબર અને તારીખ	ગુનાની સંક્ષિપ્ત વિગતો (કલમ સહિત)	આરોપીનું પૂરું નામ, સરનામું, ઉમર (મોબાઈલ નંબર સહિત)	પોલીસ તપાસ નહિ કરવા માટેનું કારણ	પોલીસ તપાસ કરવામાં નહિ આવે તેવી જાણ ફરિયાદીને કર્યાની તારીખ અને સમય	સંદેશાવ્યવહારના જે માધ્યમથી ફરિયાદીને જાણ કરવામાં આવી હોય, તે માધ્યમની વિગતો
૧									
૨									

નોંધ:- ઉપરની માહિતી ઉપરાંત, બીએનએસએસની કલમ ૧૭૬(૨) પ્રમાણે, સંબંધિત કેસ માટે સ્ટેશન ડાયરી (દૈનિક ડાયરી અહેવાલ)ની એક નકલ અચૂક મોકલવી.

નમૂનો ૫

(જુઓ નિયમ ૫(૧))

ફરિયાદીને જાણ કરવા માટેનું ફોર્મેટ

(ઈલેક્ટ્રોનિક રીતે અથવા રૂબરૂ)

નામ_____, તમારી તારીખ _____ ની ફરિયાદ, [કેસ નંબર] _____-ની, _____ [કારણ] કારણોસર પોલીસ તપાસ કરવામાં આવી નથી. તમે, આ બાબતની તપાસ ચાલુ રાખવા માટે મેજિસ્ટ્રેટ કોર્ટ _____-માં જવાનો કાયદેસર હક ધરાવો છો. વધુ વિગતો માટે, _____ પોલીસ સ્ટેશનના ઈન-ચાર્જ અધિકારીનો સંપર્ક કરવો. સંપર્ક નં. _____ .

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શ્રદ્ધા પરમાર,

સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તારીખઃ ૨૩મી જુલાઈ, ૨૦૨૪ના જાહેરનામા ક્રમાંકઃ જીએચવાય/૨૦/એચએફડબલ્યુડી/એનઆરએફ/ઈ-ફાઈલ/૭/૨૦૨૩/૧૪૪૭/ઈ.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

Notification

Regarding

Amendment to The Post Basic Diploma in Nurse Practitioner in Midwifery (NPM) (Regulation of Admission) Rules, 2023.

પોસ્ટ બેઝિક ડિપ્લોમા ઈન નર્સ પ્રેક્ટિશનર ઈન મિડવાઈફરી (એનપીએમ) (પ્રવેશ નિયમન) નિયમો ૨૦૨૩ સુધારવા સંબંધી જાહેરનામું

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જુલાઈ, ૨૦૨૪,

ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) અધિનિયમ, ૨૦૦૭,

ક્રમાંક: જીએચવાય/૨૦/એચએફડબલ્યુડી/એનઆરએફ/ઈ-ફાઈલ/૭/૨૦૨૩/૧૪૪૭/ઈ: ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કોલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) અધિનિયમ, ૨૦૦૭ (સન ૨૦૦૮ના ગુજરાતના ૩-જા)ની કલમ ૪ સાથે વાંચતા, કલમ ૨૦ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, પોસ્ટ બેઝિક ડિપ્લોમા ઈન નર્સ પ્રેક્ટિશનર ઈન મિડવાઈફરી (એનપીએમ) (પ્રવેશ નિયમન) નિયમો, ૨૦૨૩ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો, પોસ્ટ બેઝિક ડિપ્લોમા ઈન નર્સ પ્રેક્ટિશનર ઈન મિડવાઈફરી (એનપીએમ) (પ્રવેશ નિયમન) (સુધારા) નિયમો, ૨૦૨૪ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. પોસ્ટ બેઝિક ડિપ્લોમા ઈન નર્સ પ્રેક્ટિશનર ઈન મિડવાઈફરી (એનપીએમ) (પ્રવેશ નિયમન) નિયમો ૨૦૨૩ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨-માં, પેટા-નિયમ (૧)માં, ખંડ (ચ) પછી, નીચેનો ખંડ દાખલ કરવોઃ

(ચચ)"પરીક્ષા મંડળ" એટલે આ નિયમો સાથે જોડેલા એનેક્ષરમાં નિર્દિષ્ટ કરેલી પરીક્ષા સમિતિ.".

૩. સદરહુ નિયમોમાં નિયમ ૯માં, પેટા-નિયમ (૧)માં, "પ્રવેશ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલા'' એ શબ્દો કમી કરવા.

૪. સદરહુ નિયમોમાં અંતે નીચેનું એનેક્ષર ઉમેરવું:

"એનેક્ષર''

[જુઓ નિયમ ૨(૧)(ચ)]

૧.	આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ અને સંશોધન કમિશનર ગાંધીનગર.	અધ્યક્ષ
૨.	અધિક નિયામક, તબીબી સેવાઓ, ગાંધીનગર.	સભ્ય
૩.	નાયબ નિયામક (નર્સિંગ) તબીબી સેવાઓ ગાંધીનગર.	સભ્યસચિવ
૪.	મદદનીશ નિયામક (નર્સિંગ), તબીબી સેવાઓ, ગાંધીનગર.	સભ્ય
૫.	આચાર્ય, સરકારી નર્સિંગ કોલેજ, અમદાવાદ	સભ્ય
૬.	આચાર્ય, સરકારી નર્સિંગ સ્કૂલ, અમદાવાદ	સભ્ય
૭.	અર્ધ-તબીબી અભ્યાસક્રમો માટેની પ્રવેશ સમિતિના સભ્ય ગાંધીનગર. (નર્સિંગ પ્રવેશના કોઈ એક સભ્ય)	સભ્ય

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

આર. એ. પ્રજાપતિ,

સરકારના ઉપસચિવ.

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2025.10.16 13:47:52 IST